તા. ૨૭.૦૪.૨૦૨૫

ગાંધીનગર સમાચાર, પાના નં. ૦૬.




**મેટ્રો સ્ટેશન તૈયાર :** ગાંધીનગરના નાગરિકો માટે ખુશીના સમાચાર છે કે આજથી મેટ્રોના રૂટમાં વિસ્તરણ કરવામાં આવશે. જેમાં નવા સાત સ્ટેશનો પર મેટ્રો રેલ સેવા શરૂ કરવામાં આવશે. ગાંધીનગરમાં મેટ્રો રેલ શરૂ થયા બાદ નાગરિકો પણ તેનો ઉત્સાહથી ઉપયોગ કરે છે. જયારે હવે અન્ય સાત સ્ટેશનો પણ સમાવિષ્ટ કરાયો છે ત્યારે આ નવા સાત સ્ટેશનો પર મેટ્રો રેલ દોડશે, જેમાં કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ તેમજ સે.૧૦ સ્થિત સચિવાલયનો સમાવેશ થાય છે. મેટ્રો રેલ સેવાના વિસ્તરણના લીધે હવે સચિવાલયમાં અપડાઉન કર્તા કર્મચારીઓને વિશેષ રીતે ફાયદો થશે. કર્મચારીઓનો સમય પણ બચશે. માર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટવાની સાથે ટ્રાફિકની સમસ્યાનો પણ અંત આવશે. નાગરિકોને પણ સરળ અને સુવિધાયુકત મુસાફરીનો લાભ મળશે. ત્યારે સેક્ટર-૧૦એ ખાતે સચિવાયલનું નવ મેટ્રો રેલ સ્ટેશન તૈયાર કરી દેવામાં આવ્યું છે. નવું ટાઈમ ટેબલ વેબસાઈટ પર ઉપલબ્ધ થશે તેમ મેટ્રોના અધિકારીઓએ જણાવ્યું હતું. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)